| |
|---|
| <u>સમયમર્યાદા</u> |
| ખૂબ અગત્યનું |

ક્રમાંક:મઉમશબ/વિજ્ઞાન પ્રવાહ/૨૦૨૧/૧૯૭
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર.

તા.૧૯/૦૬/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,
ગુજરાત રાજય.

વિષય :- સને-૨૦૨૦-૨૧ ના વર્ષમાં અભ્યાસ કરતા ધોરણ-૧૨ ના નિયમિત વિદ્યાર્થીઓના પરિણામ તૈયાર કરવા બાબત.

સંદર્ભ :- શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૧/૭૪૧/છ તા.૧૯/૦૬/૨૦૨૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, રાજય સરકારશ્રી દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને અન્ય પ્રવાહની પરીક્ષાઓ તા.૦૧/૦૭/૨૦૨૧ થી યોજવાની જાહેરાત કરેલ હતી પરંતુ રાજયમાં કોરોના સંક્રમણથી રાજયની સ્થિતિને ધ્યાને લઈ તા.૦૨/૦૬/૨૦૨૧ ના રોજ સને ૨૦૨૦-૨૧ ના વર્ષમાં ધોરણ-૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષા રદ કરવા સરકારશ્રીએ નિર્ણય કરેલ હતો.

સરકારશ્રી દ્વારા સને ૨૦૨૦-૨૧ ના વર્ષમાં ધોરણ-૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષા રદ કરીને પરિણામ તૈયાર કરવાના નિર્ણયથી ઉદ્દભવનાર પ્રશ્નોના નિકાલ માટેના ઉપાયો સુચવવા અને ભલામણો મેળવવા માટે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૧/૫૫૨/છ, તા.૦૪/૦૬/૨૦૨૧ થી શિક્ષણવિદોની સમિતિની રચના કરવામાં આવેલ હતી. સમિતિની બેઠક તા.૦૯/૦૬/૨૦૨૧ ના રોજ મળેલ હતી. સમિતિએ સને-૨૦૨૦-૨૧ ના વર્ષમાં અભ્યાસ કરતા ધોરણ-૧૨ ના નિયમિત વિદ્યાર્થીઓના પરિણામ તૈયાર કરવા માટે ભલામણો કરેલ અને ઉક્ત ભલામણોનો મહદઅંશે સરકારશ્રીએ સ્વીકાર કરેલ છે. વિદ્યાર્થીઓના ગુણાંકન બાબતે સરકારશ્રીએ લીધેલ નિર્ણય બાદ તે અંગેની જાહેરાત બોર્ડ દ્વારા તા.૧૭/૦૬/૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ હતી. સને-૨૦૨૦-૨૧ ના વર્ષમાં અભ્યાસ કરતા ધોરણ-૧૨ ના નિયમિત વિદ્યાર્થીઓના પરિણામ તૈયાર કરવા માટેની સમિતિએ કરેલ ભલામણોનો મહદઅંશે રાજય સરકારશ્રી દ્વારા સંદર્ભદર્શિત ઠરાવથી સ્વીકાર કરેલ છે અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર

માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને ભલામણોના આધારે આનુષાંગિક કાર્યવાહી કરવા જણાવેલ છે.

સને ૨૦૨૦-૨૧ ના વર્ષમાં ધોરણ-૧૨ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની બોર્ડની જાહેર પરીક્ષાના બદલે પરિણામ તૈયાર કરવા માટે જરૂરી વિગતવાર સુચનાઓ આ સાથે સામેલ પરિશિષ્ટ-ક મુજબ તૈયાર કરેલ છે. ઉક્ત સુચનાઓ ધ્યાને લઈ નિયત કરેલ સમય પત્રક મુજબ આપશ્રીના તાબા હેઠળની ઉચ્ચતર માધ્યમિક વિભાગનું શૈક્ષણિક કાર્ય કરતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ચોકસાઈપૂર્વક કામગીરી પૂર્ણ કરવા અને આપની કક્ષાએથી યોગ્ય સુપરવિઝન વ્યવસ્થા ગોઠવવા જણાવવામાં આવે છે.

(ડી. એસ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

<u>બિડાણ :-</u>

- ધોરણ-૧૨ ના વિદ્યાર્થીઓનું પરિણામ તૈયાર કરવા માટેની નીતિ અંતર્ગત શાળાઓએ કરવાની કાર્યવાહી. (પરિશિષ્ટ - ક)

<u>નકલ સવિનય રવાના :-</u>

(૧) માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ત્રીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.શિક્ષણમંત્રીશ્રીના, અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(3) માન.રાજયકક્ષાના મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(૪) માન.અગ્રસચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ બ્લોક નં:-૫, ૮મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(૫) માન. સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, બ્લોક નં:-૫, ૭મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(૬) માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

(૭) નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં:-૯, ૧લો માળ જુના સચિવાલય ગાંધીનગર.

(૮) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, બ્લોક નં:-૧૨, જુના સચિવાલય, ગાંધીનગર

(૯) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, સેક્ટર-૧૭, ગાંધીનગર.

(૧૦) નિયામકશ્રી, પાઠયપુસ્તક મંડળ, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર.

(૧૧) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં:-૧૨ જુના સચિવાલય, ગાંધીનગર.

(૧૨) નિયામકશ્રી, જીસીઆરટી સેક્ટર-૧૨ ગાંધીનગર.

(૧૩) અધ્યક્ષશ્રી, રાજય પરીક્ષા બોર્ડ સેક્ટર-૨૧ ગાંધીનગર.

(૧૪) નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ, સેક્ટર-૧૦ એ ગાંધીનગર.

નકલ રવાના અમલવારી સારૂ :-

(૧) ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સદર કચેરી.

(૨) સંયુક્ત નિયામકશ્રી (સંશોધન શાખા), સદર કચેરી.

(3) નાયબ નિયામક પરીક્ષા, (વિજ્ઞાન પ્રવાહ), (સામાન્ય પ્રવાહ) અને માધ્યમિક વિભાગ, સદર કચેરી.

(૪) આચાર્યશ્રી, રજિસ્ટર માધ્યમિક શાળાઓ, તમામ તરફ જરૂરી કાર્યવાહી અને અમલવારી સારૂ.

(૫) સદર કચેરીની તમામ શાખાઓ તરફ.

ક્રમાંક:મા૧/પરિપત્ર/૨૦૨૧/7795
જિલ્લા શિક્ષણધિકારીની કચેરી
સુરત, જિ.સુરત.
તા.19/૦૬/૨૦૨૧

નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

~~જિલ્લા શિક્ષણ~~ાધિકારી,
સુરત, જિ.-સુરત

પ્રતિ,
આચાર્યશ્રી, તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ,
જિલ્લો-સુરત.

# પરિશિષ્ટ - ક

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

સને ૨૦૨૦-૨૧ ના વર્ષમાં ધોરણ-૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની બોર્ડની જાહેર પરીક્ષાના બદલે વિદ્યાર્થીઓનું પરિણામ તૈયાર કરવા માટેની રાજય સરકારશ્રીએ ઠરાવેલ નીતિ અંતર્ગત શાળાઓએ કરવાની કાર્યવાહી.

(૧) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી અને સંસ્કૃત મધ્યમાના વિદ્યાર્થીઓના પરિણામ તૈયાર કરવા માટેના નિયત માપદંડો અને ગુણભારની વિગત

| ક્રમ | વિગત | ગુણભાર |
|---|---|---|
| A | ધોરણ-૧૦ ના બોર્ડના વિષયવાર પરિણામના (વિષયવાર મેળવેલ ૭૦ ગુણ) આધારે ધોરણ-૧૨ ના જૂથ મુજબના વિષયમાં ગુણાંકન. (૭૧.૪૩%) | ૫૦ ગુણ |
| B | ધોરણ-૧૧ ના નિયમિત અભ્યાસ દરમિયાન યોજાયેલ ધોરણ-૧૧ ની પ્રથમ સામાયિક કસોટી (૫૦ ગુણ) અને દ્વિતીય સામાયિક કસોટી (૫૦ ગુણ) માંથી મેળવેલ કુલ ગુણના સરેરાશ ગુણના આધારે ગુણાંકન (૫૦%) | ૨૫ ગુણ |
| C | શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ દરમિયાન યોજાયેલ ધોરણ-૧૨ ની પ્રથમ સામાયિક કસોટી (૧૦૦ ગુણ) અને વર્ષ દરમિયાન યોજાયેલ વિષયવાર એકમ કસોટી (૨૫ ગુણ) એમ કુલ ૧૨૫ ગુણમાંથી મેળવેલ ગુણના આધારે ગુણાંકન (૨૦%) | ૨૫ ગુણ |
| | કુલ | ૧૦૦ ગુણ |

[A] ધોરણ-૧૦ ના બોર્ડના પરિણામમાં વિષયવાર મેળવેલ ૭૦ ગુણના આધારે ધોરણ-૧૨ માં વિદ્યાર્થીએ પસંદ કરેલ જૂથ મુજબના વિષયમાં ગુણાંકનની પધ્ધતિ.

(ક) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામ તૈયાર કરતી વખતે ધોરણ-૧૦ બોર્ડના પરિણામની ગણતરી કરેલ રીતની સમજ [પરિશિષ્ટ- ક]

જૂથ-૦૧ ના વિષય માટે :-

(૧) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના જૂથ-૦૧ માંથી પસંદ કરેલ અંગ્રેજી (૦૦૬) (પ્રથમ ભાષા) અથવા અંગ્રેજી (૦૧૩) (દ્વિતીય ભાષા) ભાષાના ગુણ માટે ધોરણ-૧૦ ની અંગ્રેજી (૦૦૪) (પ્રથમ ભાષા) અથવા અંગ્રેજી (૦૧૬) (દ્વિતીય ભાષા) માં મેળવેલ ગુણને ધોરણ-૧૨ ના વિજ્ઞાન પ્રવાહના જૂથ-૦૧ ના વિષયના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

જૂથ-૦૨ ના વિષય માટે :-

(૧) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના જૂથ-૦૨ માંથી પસંદ કરેલ કોઈ એક દ્વિતીય ભાષા અથવા કોમ્પ્યુટર વિષયના ગુણ માટે ધોરણ-૧૦ માં વિદ્યાર્થીએ પસંદ કરેલ દ્વિતીય ભાષા અથવા તૃતીય ભાષામાં મેળવેલ ગુણને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના જૂથ-૦૨ ના વિષયના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

જૂથ-૦૩ ના વિષય માટે :-

(૧) ગ્રુપ-A ના વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ ના ગણિતના ગુણ ધોરણ-૧૦ માં ગણિતમાં મેળવેલ ગુણને ધોરણ-૧૨ ના ગણિતના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

(૨) ગ્રુપ-B ના વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ ના જીવવિજ્ઞાનના ગુણ ધોરણ-૧૦ માં વિજ્ઞાનમાં મેળવેલ ગુણને ધોરણ-૧૨ ના જીવવિજ્ઞાનના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

(3) ગૃપ-AB ના વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ ના ગણિતના ગુણ ધોરણ-૧૦ માં ગણિતમાં મેળવેલ ગુણને ધોરણ-૧૨ ના ગણિતના ગુણ તરીકે ગણવાના રહેશે અને ધોરણ-૧૨ ના જીવવિજ્ઞાનના ગુણ ધોરણ-૧૦ માં વિજ્ઞાનમાં મેળવેલ ગુણને ધોરણ-૧૨ ના જીવવિજ્ઞાનના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

(૪) ધોરણ-૧૨ રસાયણ વિજ્ઞાન અને ભૌતિક વિજ્ઞાનના ગુણ ધોરણ-૧૦ માં ગણિત અને વિજ્ઞાન વિષયમાં મેળવેલ ગુણના સરેરાશ કરતાં થતા ગુણને ધોરણ-૧૨ ના રસાયણ વિજ્ઞાન અને ભૌતિક વિજ્ઞાનના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

પ્રાયોગિક પાસાના વિષયોનું ગુણાંકન :-

(૧) ધોરણ-૧૨ રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને જીવવિજ્ઞાનના પ્રાયોગિક પાસાના મૂલ્યાંકન માટે શાળા કક્ષાએ ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ માં અભ્યાસ દરમિયાન વિદ્યાર્થી દ્વારા કરેલ પ્રાયોગિક કાર્યને ધ્યાને લઈ વિષય શિક્ષકો દ્વારા મૂલ્યાંકન કરવાનું રહેશે અને તે ગુણને ધોરણ-૧૨ રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને જીવવિજ્ઞાનના પ્રાયોગિક વિષયના ગુણ તરીકે ગણાવાના રહેશે અને તે મુજબના ગુણ શાળા દ્વારા ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.

## (ખ) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહના પરિણામ તૈયાર કરતી વખતે ધોરણ-૧૦ બોર્ડના પરિણામની ગણતરી કરેલ રીતની સમજ [પરિશિષ્ટ- ખ] અને [પરિશિષ્ટ- ખ(૧)]

જૂથ-૦૧ ના વિષય માટે :-

(૧) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહના જૂથ-૦૧ માંથી પસંદ કરેલ અંગ્રેજી (૦૦૬) (પ્રથમ ભાષા) અથવા અંગ્રેજી (૦૧૩) (દ્વિતીય ભાષા) ભાષાના ગુણ માટે ધોરણ-૧૦ ની અંગ્રેજી (૦૦૪) (પ્રથમ ભાષા) અથવા અંગ્રેજી (૦૧૬) (દ્વિતીય ભાષા) માં મેળવેલ ગુણને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વ્યવસાયલક્ષી

પ્રવાહના જૂથ-૦૧ ના વિષયના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

<u>જૂથ-૦૨ ના વિષય માટે :-</u>

(૧) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહના જૂથ-૦૨ માંથી પસંદ કરેલ કોઈ એક ભાષાના ગુણ માટે <u>ધોરણ-૧૦ માં વિદ્યાર્થીએ પસંદ કરેલ દ્વિતીય ભાષા અથવા તૃતીય ભાષામાં</u> મેળવેલ ગુણને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહના જૂથ-૦૨ ના પસંદ કરેલ એક (૦૧) વિષયના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

<u>જૂથ-૦૩ ના વિષય માટે :-</u>

(૧) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વ્યવસાયલક્ષીના જૂથ-૦૩ માંથી પસંદ કરેલ ૦૨ વિષયો માટેના ગુણ <u>ધોરણ-૧૦ માં વિદ્યાર્થીએ પસંદ કરેલ સામાજિક વિજ્ઞાન અને ત્રીજી ભાષામાંથી</u> મેળવેલ ગુણની સરેરાશ કરતાં આવતા ગુણને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહના જૂથ-૦૩ ના પસંદ કરેલા બે (૦૨) વિષયોના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

<u>જૂથ-૦૪ ના વિષય માટે :-</u>

(૧) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વ્યવસાયલક્ષીના જૂથ-૦૪ માંથી પસંદ કરેલ ૦૩ વિષયો માટેના ગુણ <u>ધોરણ-૧૦ માં વિદ્યાર્થીએ પસંદ કરેલ સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને પ્રથમ ભાષામાંથી મેળવેલ</u> ગુણની સરેરાશ કરતાં આવતા ગુણને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહના જૂથ-૦૪ ના પસંદ કરેલા ત્રણ (૦૩) વિષયોના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

(ગ) ધોરણ-૧૨ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના પરિણામ તૈયાર કરતી વખતે ધોરણ-૧૦ બોર્ડના પરિણામની ગણતરી કરેલ રીતની સમજ [પરિશિષ્ટ- ગ]

જૂથ-૦૧ ના વિષય માટે :-

(૧) ધોરણ-૧૨ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના જૂથ-૦૧ માંથી પસંદ કરેલ અંગ્રેજી (૦૦૬) (પ્રથમ ભાષા) અથવા અંગ્રેજી (૦૧૩) (દ્વિતીય ભાષા) ભાષાના ગુણ માટે ધોરણ-૧૦ ની અંગ્રેજી (૦૦૪) (પ્રથમ ભાષા) અથવા અંગ્રેજી (૦૧૬) (દ્વિતીય ભાષા) માં મેળવેલ ગુણને ધોરણ-૧૨ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના જૂથ-૦૧ ના વિષયના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

જૂથ-૦૨ ના વિષય માટે :-

(૧) ધોરણ-૧૨ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના જૂથ-૦૨ માંથી પસંદ કરેલ કોઈ એક ભાષાના ગુણ માટે ધોરણ-૧૦ માં વિદ્યાર્થીએ પસંદ કરેલ દ્વિતીય ભાષા અથવા તૃતીય ભાષામાં મેળવેલ ગુણને ધોરણ-૧૨ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના જૂથ-૦૨ ના પસંદ કરેલ એક (૦૧) વિષયના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

જૂથ-૦૩ ના વિષય માટે :-

(૧) ધોરણ-૧૨ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના જૂથ-૦૩ ના પસંદ કરેલા એક વિષયના ગુણ માટે ધોરણ-૧૦ ના સામાજિક વિજ્ઞાન વિષયના ગુણને ધોરણ-૧૨ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના જૂથ-૦૩ ના પસંદ કરેલ એક (૦૧) વિષયના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

જૂથ-૦૪ ના વિષય માટે :-

(૧) ધોરણ-૧૨ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના જૂથ-૦૪ ના પસંદ કરેલા ચાર વિષયોના ગુણ માટે ધોરણ-૧૦ ના સામાજિક વિજ્ઞાન,

વિજ્ઞાન, તૃતીય ભાષા અને પ્રથમ ભાષામાં મેળવેલ ગુણની સરેરાશ કરતાં આવતા ગુણને ધોરણ-૧૨ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના જૂથ-૦૪ ના પસંદ કરેલ ચાર (૦૪) વિષયોના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

નોંધ :-

(૧) શાળા દ્વારા ધોરણ-૧૨ ના ઓનલાઈન આવેદનપત્રો ભરતી વખતે વિદ્યાર્થીના ધોરણ-૧૦ ના પરિણામની વિગત ભરવામાં આવેલ છે. તે ધ્યાને લઈને તે વિદ્યાર્થીના ધોરણ-૧૦ ના બેઠક નંબર, પાસ કર્યાનું માસ અને વર્ષ અને નામના આધારે ધોરણ-૧૦ ના વિષયવાર પરિણામને ધોરણ-૧૨ ના નિયત થયેલી નીતિ મુજબ જૂથવાર, વિષયવાર નિયત કરેલ ગુણાંકન જેટલુ ગુણાંકન કરવામાં આવેલ છે.

(૨) બોર્ડ દ્વારા શાળાઓના ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના નિયમિત ઉમેદવારોએ પસંદ કરેલ જૂથ મુજબના વિષયો માટે ઉપર દર્શાવ્યા મુજબ ક્રમ-A માટેનું વિષયવાર પરિણામ વિદ્યાર્થીના બોર્ડના ધોરણ-૧૦ ના પરિણામના આધારે ગણતરી કરીને દરેક શાળાના વિદ્યાર્થીઓનું ધોરણ-૧૨ નું વિષયવાર ગુણાંકન પોર્ટલ ઉપર ઓનલાઈન મુકવામાં આવશે. જે દરેક શાળા જોઈ શકશે.

(3) બોર્ડ દ્વારા ધોરણ-૧૨ ના વિદ્યાર્થીએ પસંદ કરેલ વિષયની સામે તૈયાર કરેલ નીતિ મુજબ ધોરણ-૧૦ ના લાગુ પડતા વિષયમાં વિદ્યાર્થીએ બોર્ડની જાહેર પરીક્ષામાં મેળવેલ ગુણને નીતિ મુજબ ગણતરી કરીને દર્શાવવામાં આવેલ છે. જેની ખરાઈ આપની શાળાના વિદ્યાર્થીના ધોરણ-૧૦ ના પરિણામના આધારે કરી લેવાની રહેશે.

(૪) જે વિદ્યાર્થી ધોરણ-૧૦ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના અન્ય રાજય કે અન્ય દેશમાંથી પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ માટે ક્રમ-A ની ગણતરી શાળા દ્વારા નીતિ મુજબ કરવાની રહેશે. જેમાં વિદ્યાર્થીએ બોર્ડ કક્ષાની પરીક્ષામાં (એટલેકે આંતરિક ગુણ સિવાય) મેળવેલ ખરેખર ગુણ ધ્યાને લેવાના રહેશે. (એટલે કે ગ્રેસ મળેલ ગુણ સિવાયના ગુણ ગણવાના રહેશે. દા.ત. કોઈ ઉમેદવાર 30 ગુણ તથા 03 ગુણ ગ્રેસ મળીને 33 ગુણ મેળવીને પાસ જાહેર થયેલ હોય તેવા કિસ્સામાં 30 ગુણ જ ધ્યાને લેવાના રહેશે.) અને તે મેળવેલ ગુણને ૫૦ ગુણમાં રૂપાંતરિત કરી ભરવાના રહેશે અને વિદ્યાર્થીને

ધોરણ-૧૦ ની તમામ (એક કે તેથી વધુ) માર્કશીટ એક PDF માં સેવ કરી અપલોડ કરવાની રહેશે.

<u>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના બોર્ડના ગુણને ક્રમ-A મુજબ ૫૦ ગુણમાં રૂપાંતરિત કરવાની પધ્ધતિ.</u>

<u>દા.ત :-</u>

કોઈ બોર્ડની જાહેર પરીક્ષા ૧૦૦ ગુણની યોજે છે આવા કિસ્સામાં વિદ્યાર્થીએ ૧૦૦ ગુણમાંથી ૫૫ ગુણ મેળવેલ હોય તો ઉક્ત ૫૫ ગુણને ક્રમ-A મુજબ નિયત કરેલ જોગવાઈ મુજબ રૂપાંતરિત કરતા ૫૫*૫૦/૧૦૦=૨૭.૫૦ ગુણ થાય. જો એક વિષય માટે ગણતરી લેવાના હોય તો પૂર્ણાંક કરવાના રહેશે. જો એક કરતા વધુ વિષય હોય તો આ મુજબની ગણતરી કરીને આવેલા ખરેખર ગુણનો સરવાળો કરીને આખરી ગુણ જો અપૂર્ણાંક હોય તો તેને પૂર્ણાંકમાં ફેરવીને આખરી ગુણ કરવાના રહેશે.

(૫) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના એવા વિદ્યાર્થીઓ કે જેઓ રીપીટર ઉમેદવારો છે, કે જેઓની ધોરણ-૧૦ ના પરીણામની વિગતમાં વિસંગતતા છે, કે તેઓનું ધોરણ-૧૦ નું પરિણામ દર્શાવ્યા મુજબનું નથી તેવા કિસ્સાઓમાં ધોરણ-૧૨ ના ઓનલાઈન ગુણના પોર્ટલ ઉપર ક્રમ-A ની વિગતના ખાનામાં ધોરણ-૧૦ ની વિગતો દર્શાવવામાં આવેલ નથી તેવા વિદ્યાર્થીઓ માટે શાળાએ ગણતરી કરીને ગુણ ભરવાના રહેશે. જેમાં વિદ્યાર્થીએ બોર્ડ કક્ષાની પરીક્ષામાં (એટલેકે આંતરિક ગુણ સિવાય) મેળવેલ ખરેખર ગુણ ધ્યાને લેવાના રહેશે. (એટલે કે ગ્રેસ મળેલ ગુણ સિવાયના ગુણ ગણવાના રહેશે. દા.ત. કોઈ ઉમેદવાર ૩૦ ગુણ તથા ૦૩ ગુણ ગ્રેસ મળીને ૩૩ ગુણ મેળવીને પાસ જાહેર થયેલ હોય તેવા કિસ્સામાં ૩૦ ગુણ જ ધ્યાને લેવાના રહેશે.) અને તે મેળવેલ ગુણને ૫૦ ગુણમાં રૂપાંતરિત કરી ભરવાના રહેશે અને વિદ્યાર્થીને ધોરણ-૧૦ ની તમામ (એક કે તેથી વધુ) માર્કશીટ એક PDF માં સેવ કરી અપલોડ કરવાની રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના બોર્ડના ગુણને ક્રમ-A મુજબ ૫૦ ગુણમાં રૂપાંતરિત કરવાની પધ્ધતિ.

દા.ત :-

ગુજરાત બોર્ડની જાહેર પરીક્ષામાં રીપીટર તરીકે ૧૦૦ ગુણની બોર્ડ કક્ષાની પરીક્ષા આપેલ છે. આવા કિસ્સામાં વિદ્યાર્થીએ ૧૦૦ ગુણમાંથી ૫૫ ગુણ મેળવેલ હોય તો ઉક્ત ૫૫ ગુણને ક્રમ-A મુજબ નિયત કરેલ જોગવાઈ મુજબ રૂપાંતરિત કરતા ૫૫*૫૦/૧૦૦=૨૭.૫૦ ગુણ થાય. જો એક વિષય માટે ગણતરી લેવાના હોય તો પૂર્ણાંક કરવાના રહેશે. જો એક કરતા વધુ વિષય હોય તો આ મુજબની ગણતરી કરીને આવેલા ખરેખર ગુણનો સરવાળો કરીને આખરી ગુણ જો અપૂર્ણાંક હોય તો તેને પૂર્ણાંકમાં ફેરવીને આખરી ગુણ કરવાના રહેશે.

[B] **ધોરણ-૧૧ ના અભ્યાસ દરમિયાન યોજાયેલ ધોરણ-૧૧ ની પ્રથમ સામાયિક કસોટી (૫૦ ગુણ) અને દ્વિતીય સામાયિક કસોટી (૫૦ ગુણ) માંથી મેળવેલ કુલ ગુણના સરેરાશ ગુણના આધારે શાળાઓ દ્વારા કરવાનું ગુણાંકન.**

(૧) વિદ્યાર્થીએ પ્રથમ સામાયિક કસોટી (૫૦ ગુણની) અને દ્વિતીય સામાયિક કસોટી (૫૦ ગુણ ની) એમ બંને કસોટીઓ આપેલ હોય તો બંને કસોટીઓમાંથી મેળવેલ ગુણની સરેરાશ કાઢીને ગુણાંકન કરવાનું રહે.

દા.ત. :- (૧)

ધાનીશ પ્રથમ એકમ કસોટીમાં ૫૦ ગુણમાંથી ૩૦ ગુણ મેળવેલ છે અને બીજી એકમ કસોટીમાંથી ૨૩ ગુણ મેળવેલ છે. તો મેળવેલ કુલ ગુણ ૫૩ થાય અને તેની સરેરાશ ૫૩/૨ = ૨૬.૫ એટલે કે ૨૬.૫ ને પૂર્ણાંકમાં ફેરવતા ૨૭ ગુણ મળવાપાત્ર થાય.

દા.ત.:- (૨)

**ધાનીશ પ્રથમ એકમ કસોટીમાં ૫૦ ગુણમાંથી ૩૧ ગુણ મેળવેલ છે અને બીજી એકમ કસોટી આપેલ નથી જેથી બીજી એકમ કસોટી માટે "૦૦"**

(શૂન્ય) ગુણ ગણવાના રહે તે મુજબ મેળવેલ કુલ ગુણ ૩૧ થાય અને તેની સરેરાશ ૩૧/૨ = ૧૫.૫ એટલે કે ૧૬ ગુણ મળવાપાત્ર થાય.

દા.ત. :- (3)

ધાનીશ પ્રથમ એકમ કસોટી અને બીજી એકમ કસોટીમાં ઉપસ્થિત ના હોય તો બંને કસોટીમાંથી મળવાપાત્ર ગુણ "૦૦" (શૂન્ય) થાય જેથી આ વિભાગમાં "૦૦" (શૂન્ય) ગુણ દર્શાવવાના રહે.

(૨) કોઈ ઉમેદવાર શૈક્ષણિક વર્ષ - ૨૦૧૯-૨૦ પહેલાના કોઈ વિદ્યાર્થી હોય તો પણ તેવા ઉમેદવારોનું ગુણાંકન તેઓના ધોરણ-૧૧ ના પરિણામના આધારે ગુણાંકન કરવાનું રહેશે.

(3) કોઈ ઉમેદવાર ગુજરાત રાજય સિવાયના અન્ય રાજયમાંથી કે વિદેશમાંથી ધોરણ-૧૧ પાસ કરીને ધોરણ-૧૨ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન શાળામાં પ્રવેશ મેળવેલ હોય તેવા વિદ્યાર્થી માટે ધોરણ-૧૧ ના પરિણામના આધારે ગુણાંકન કરવાનું રહેશે. પરંતુ ધોરણ-૧૧ ના જે વિષયો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના માળખા મુજબના હોય તે વિષયોનું ગુણાંકન ધોરણ-૧૧ ના પરિણામના આધારે કરવાનું રહેશે.

(૪) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના માળખા સિવાયના વિષયોનું ગુણાંકન ક્રમ-C માં દર્શાવ્યા મુજબ ધોરણ-૧૨ ની સામાયિક કસોટી અને એકમ કસોટીમાંથી મેળવેલ ગુણને ક્રમ-B ના મૂલ્યાંકન માટે એટલેકે ધોરણ-૧૧ ના ગુણ તરીકે ગણતરી કરવાની રહેશે.

(૫) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ કે અન્ય પ્રવાહમાં GSHSEB સિવાયના અન્ય બોર્ડમાંથી ધોરણ-૧૧ પાસ કરીને ધોરણ-૧૨ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીના વિષયોનું માળખુ જો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના માળખાને અનુરૂપ વિષયો ન હોય તો ધોરણ-૧૨ જે પ્રવાહમાં અભ્યાસ કરેલ છે તે પ્રવાહ માટે ક્રમ-C માં દર્શાવ્યા મુજબ ધોરણ-૧૨ ની સામાયિક કસોટી અને એકમ કસોટીમાંથી મેળવેલ ગુણને ક્રમ-B ના મૂલ્યાંકન માટે એટલેકે ધોરણ-૧૧ ના ગુણ તરીકે ગણતરી કરવાની રહેશે.

(૬) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ કે અન્ય પ્રવાહમાં ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ પાસ કરીને ધોરણ-૧૨ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને ધોરણ-૧૨ જે પ્રવાહમાં અભ્યાસ કરેલ છે તે પ્રવાહ માટે ક્રમ-C માં દર્શાવ્યા મુજબ ધોરણ-૧૨ ની

સામાયિક કસોટી અને એકમ કસોટીમાંથી મેળવેલ ગુણને ક્રમ-B ના મૂલ્યાંકન માટે એટલેકે ધોરણ-૧૧ ના ગુણ તરીકે ગણતરી કરવાની રહેશે.

[C] શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ દરમિયાન યોજાયેલ ધોરણ-૧૨ ની પ્રથમ સામાયિક કસોટી (૧૦૦ ગુણ) અને વર્ષ દરમિયાન યોજાયેલ વિષયવાર એકમ કસોટી (૨૫ ગુણ) એમ કુલ ૧૨૫ ગુણમાંથી મેળવેલ ગુણના આધારે શાળાઓ દ્વારા કરવાનું ગુણાંકન

વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ધોરણ-૧૨માં યોજાયેલ એકમ કસોટીની વિગત

| ક્રમ | પ્રવાહ | વિષય | ધોરણ-૧૨માં યોજાયેલ એકમ કસોટીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | વિજ્ઞાન | અંગ્રેજી (૦૦૬) | ૦૩ |
| | | અંગ્રેજી (૦૧૩) | ૦૩ |
| | | ગણિત (૦૫૦) | ૦૩ |
| | | જીવવિજ્ઞાન (૦૫૬) | ૦૩ |
| | | રસાયણ વિજ્ઞાન (૦૫૨) | ૦૪ |
| | | ભૌતિક વિજ્ઞાન (૦૫૪) | ૦૪ |
| ૨ | સામાન્ય | અંગ્રેજી (૦૧૩)(S.L) | ૦૬ |
| | | અંગ્રેજી (૦૦૬)(F.L) | ૦૬ |
| | | વાણિજ્ય વ્યવસ્થા (૦૪૬) | ૦૩ |
| | | મનોવિજ્ઞાન (૧૪૧) | ૦૫ |
| | | નામાનાં મૂળતત્વો (૧૫૪) | ૦૩ |
| | | અર્થશાસ્ત્ર (૦૨૨) | ૦૩ |
| | | આંકડાશાસ્ત્ર (૧૩૫) | ૦૨ |

શાળાઓએ ધ્યાનમાં રાખવાની વિગતો :-

(૧) જે વિષયમાં એકમ કસોટી યોજાયેલ હોય તેવા વિષયો માટે વિદ્યાર્થીએ આપેલ એકમ કસોટીઓ પૈકી સૌથી વધુ ગુણવાળી એકમ કસોટીના ગુણ ધ્યાને લેવાના રહેશે.

(૨) પ્રથમ સામાયિક કસોટીના ૧૦૦ ગુણ અને એકમ કસોટીના ૨૫ ગુણ એમ કુલ ૧૨૫ ગુણમાંથી મૂલ્યાંકન કરવાનું રહેશે.

(3) જે વિષયમાં એકમ કસોટી યોજાયેલ નથી તેવા વિષય માટે પ્રથમ સામાયિક કસોટીના ૧૦૦ ગુણને ૧૨૫ ગુણમાં રૂપાંતરિત કરીને ગુણાંકન કરવાનું રહેશે.

(૪) ઉમેદવારે પ્રથમ સામાયિક કસોટી કે કોઈ પણ એકમ કસોટી આપેલ ન હોય તેવા કિસ્સામાં ક્રમ-C ના ગુણાંકનમાં ઉમેદવારને "00" (શૂન્ય) ગુણ આપવાના રહેશે.

(a) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે :-

(૧) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે પસંદ કરવાના વિષયો કુલ 03 જૂથ માંથી પસંદ કરવાની જોગવાઈ છે.

(૨) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે જૂથ-0૧ માં અંગ્રેજી (00૬) (પ્રથમ ભાષા) અને અંગ્રેજી (0૧૩) (દ્વિતીય ભાષા) માંથી કોઈ એક ભાષા પસંદ કરવાની જોગવાઈ છે.

(3) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે જૂથ-0૨ માં ગુજરાતી (00૧) (પ્રથમ ભાષા), હિન્દી (00૨) (પ્રથમ ભાષા), મરાઠી (003) (પ્રથમ ભાષા), ઉર્દુ (00૪) (પ્રથમ ભાષા) સિંધી (00૫) (પ્રથમ ભાષા), ગુજરાતી (00૮) (દ્વિતીય ભાષા), હિન્દી (00૯) (દ્વિતીય ભાસઃઆ), સંસ્કૃત (૧૨૯) / ફારસી (૧30) / અરબી(૧૩૧) / પ્રાકૃત (૧૩૨) અને કોમ્પ્યુટર એજ્યુકેશન (૩૩૧) માંથી કોઈ એક વિષય પસંદ કરવાની જોગવાઈ છે.

(૪) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે જૂથ-03 માં ગણિત (0૫0), રસાયણ વિજ્ઞાન સૈદ્ધાતિક (0૫૨) અને પ્રાયોગિક (0૫3), ભૌતિક વિજ્ઞાન સૈદ્ધાતિક (0૫૪) અને પ્રાયોગિક (0૫૫) અને જીવવિજ્ઞાન સૈદ્ધાતિક (0૫૬) અને પ્રાયોગિક (0૫૭) માંથી ગૃપ-A, ગૃપ-B અને ગૃપ-AB મુજબ વિષયો પસંદ કરવાની જોગવાઈ છે.

(૫) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન જૂથ-૦૧ અને જૂથ-૦૩ માટેના વિષયોની એકમ કસોટી યોજાયેલ છે.

(૬) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે જૂથ-૦૧ અને જૂથ-૦૩ ના વિષયો માટે સામાયિક કસોટીના ૧૦૦ ગુણ અને એકમ કસોટીના ૨૫ ગુણ એમ કુલ મળીને ૧૨૫ ગુણમાંથી મૂલ્યાંકન કરવાનું રહેશે.

(૭) જૂથ-૦૨ માંથી પસંદ કરવાના એક વિષય માટેની એકમ કસોટી યોજાયેલ નથી તેથી જૂથ-૦૨ ના વિષય માટે પ્રથમ સામાયિક કસોટીના ૧૦૦ ગુણને ૧૨૫ ગુણમાં રૂપાંતરિત કરીને મૂલ્યાંકન કરવાનું રહેશે.

(b) <u>ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ માટે :-</u>

(૧) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ માટે કુલ ૦૪ જૂથ માંથી વિષયો પસંદ કરવાની જોગવાઈ છે.

(૨) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન જૂથ-૦૧ ના વિષયો અંગ્રેજી (૦૦૬) (પ્રથમ ભાષા) અને અંગ્રેજી (૦૧૩) (દ્વિતીય ભાષા) ની ૦૬ (છ) એકમ કસોટીઓ યોજાયેલ છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના જૂથ-૦૧ ના વિષયો માટે સામાયિક કસોટીના ૧૦૦ ગુણ અને એકમ કસોટીના ૨૫ ગુણ એમ કુલ મળીને ૧૨૫ ગુણમાંથી મૂલ્યાંકન કરવાનું રહેશે.

(3) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન જૂથ-૦૨ માટે કોઈ એકમ કસોટી યોજાયેલ નથી. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના જૂથ-૦૨ ના વિષયો માટે પ્રથમ સામાયિક કસોટીના ૧૦૦ ગુણને ૧૨૫ ગુણમાં રૂપાંતરિત કરીને મૂલ્યાંકન કરવાનું રહેશે.

(૪) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ માટે જૂથ-૦૩ ના વિષયો વાણિજ્ય વ્યવસ્થા (૦૪૬), નામાના મૂળતત્વો (૧૫૪), મનોવિજ્ઞાન (૧૪૧), સંસ્કૃત (૧૨૯) / ફારસી (૧૩૦) / અરબી (૧૩૧) / પ્રાકૃત (૧૩૨) અને હિન્દી (૦૦૯) માંથી કોઈ પણ બે (૦૨) વિષય પસંદ કરવાની જોગવાઈ છે.

(૫) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના જૂથ-૦૩ ના વિષયો વાણિજ્ય વ્યવસ્થા (૦૪૬) ની ૦૩ એકમ કસોટી, નામાના મૂળતત્વો (૧૫૪) ની ૦૩ એકમ કસોટી અને મનોવિજ્ઞાન (૧૪૧) ની ૦૫ એકમ કસોટી યોજાયેલ છે.

(૬) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના જૂથ-૦૩ ના વાણિજ્ય વ્યવસ્થા (૦૪૬), નામાના મૂળતત્વો (૧૫૪) અને મનોવિજ્ઞાન (૧૪૧) વિષયો માટે

સામાયિક કસોટીના ૧૦૦ ગુણ અને એકમ કસોટીના ૨૫ ગુણ એમ કુલ મળીને ૧૨૫ ગુણમાંથી મૂલ્યાંકન કરવાનું રહેશે.

(૭) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના જૂથ-03 ના સંસ્કૃત (૧૨૯) / ફારસી (૧30) / અરબી (૧૩૧) / પાકૃત (૧૩૨) અને હિન્દી (00૯)વિષયોની એકમ કસોટી યોજાયેલ નથી.

(૮) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના જૂથ-03 ના વિષયો સંસ્કૃત (૧૨૯) / ફારસી (૧30) / અરબી (૧૩૧) / પાકૃત (૧૩૨) અને હિન્દી (00૯) વિષયો માટે પ્રથમ સામાયિક કસોટીના ૧૦૦ ગુણને ૧૨૫ ગુણમાં રૂપાંતરિત કરીને મૂલ્યાંકન કરવાનું રહેશે.

(૯) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ માટે જૂથ-0૪ ના વિષયો અર્થશાસ્ત્ર (0૨૨), રાજ્યશાસ્ત્ર (0૨૩), ઈતિહાસ (0૨૯), આંકડાશાસ્ત્ર (૧૩૫), તત્વજ્ઞાન (ફીલોસોફી) (૧૩૬), ચિત્રકામ સૈદ્ધાતિક - પ્રાયોગિક (૧૩૭ - ૧૩૮), સમાજશાસ્ત્ર (૧૩૯), સંગીત સૈદ્ધાતિક - પ્રાયોગિક (૧૪૬ - ૧૪૭), ભુગોળ (૧૪૮), કોમ્પ્યુટર સૈદ્ધાતિક – પ્રાયોગિક (૩૩૧ – ૩૩૨) અને સેક્રેટરીયલ પ્રેકટિસ અને વાણિજ્ય પત્રવ્યવહાર (૩૩૭) માંથી કોઈ પણ ત્રણ (03) વિષય પસંદ કરવાની જોગવાઈ છે.

(૧૦) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના જૂથ-0૪ ના વિષયો અર્થશાસ્ત્ર (0૨૨) ની ત્રણ (03) એકમ કસોટી અને આંકડાશાસ્ત્ર (૧૩૫) ની બે (0૨) એકમ કસોટી યોજાયેલ છે.

(૧૧) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના જૂથ-0૪ ના અર્થશાસ્ત્ર (0૨૨) અને આંકડાશાસ્ત્ર (૧૩૫) વિષયો માટે સામાયિક કસોટીના ૧૦૦ ગુણ અને એકમ કસોટીના ૨૫ ગુણ એમ કુલ મળીને ૧૨૫ ગુણમાંથી મૂલ્યાંકન કરવાનું રહેશે.

(૧૨) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના જૂથ-0૪ ના વિષયો રાજ્યશાસ્ત્ર (0૨૩), ઈતિહાસ (0૨૯), તત્વજ્ઞાન (ફીલોસોફી) (૧૩૬), ચિત્રકામ સૈદ્ધાતિક - પ્રાયોગિક (૧૩૭ - ૧૩૮), સમાજશાસ્ત્ર (૧૩૯), સંગીત સૈદ્ધાતિક - પ્રાયોગિક (૧૪૬ - ૧૪૭), ભુગોળ (૧૪૮), કોમ્પ્યુટર સૈદ્ધાતિક – પ્રાયોગિક (૩૩૧ – ૩૩૨) અને સેક્રેટરીયલ પ્રેકટિસ અને વાણિજ્ય પત્રવ્યવહાર (૩૩૭) ની એકમ કસોટી યોજાયેલ નથી.

(૧૩) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના જૂથ-0૪ ના રાજ્યશાસ્ત્ર (0૨૩), ઈતિહાસ (0૨૯), તત્વજ્ઞાન (ફીલોસોફી) (૧૩૬), ચિત્રકામ સૈદ્ધાતિક - પ્રાયોગિક (૧૩૭ - ૧૩૮), સમાજશાસ્ત્ર (૧૩૯), સંગીત સૈદ્ધાતિક - પ્રાયોગિક (૧૪૬

- ૧૪૭), ભુગોળ (૧૪૮), કોમ્પ્યુટર સૈદ્ધાતિક – પ્રાયોગિક (૩૩૧ – ૩૩૨) અને સેક્રેટરીયલ પ્રેકટિસ અને વાણિજ્ય પત્રવ્યવહાર (૩૩૭) વિષયો માટે પ્રથમ સામાયિક કસોટીના ૧૦૦ ગુણને ૧૨૫ ગુણમાં રૂપાંતરિત કરીને મૂલ્યાંકન કરવાનું રહેશે.

આમ, જૂથ-૦૨, જૂથ-૦૩ અને જૂથ-૦૪ માટે જે વિષયોની એકમ કસોટી યોજાયેલ નથી તેવા વિષયો માટે સામાયિક કસોટીના ગુણને ધ્યાને લઈ ૧૦૦ ગુણની યોજાયેલ સામાયિક કસોટીમાંથી મેળવેલ ગુણને ૧૨૫ ગુણમાં રૂપાંતરિત કરીને ગણતરી કરવાની રહેશે અને તે મુજબ મળવાપાત્ર ગુણ આપવાના રહેશે.

<u>ક્રમ-C માટેના ગુણાંકન કરવાના વિવિધ ઉદાહરણો :-</u>

(૧) <u>જે વિષયોમાં એકમ કસોટી યોજાયેલ છે તેવા વિષય માટેની ગણતરી :-</u>

<u>દા.ત :-</u>

(૧) વાણિજ્ય વ્યવસ્થા (૦૪૬) વિષયની ૨૫ ગુણની ત્રણ એકમ કસોટી યોજાયેલ છે.

(૨) વાણિજ્ય વ્યવસ્થા (૦૪૬) વિષયની એક સામાયિક કસોટી (૧૦૦ ગુણ) યોજાયેલ છે.

(3) તીર્થે વાણિજ્ય વ્યવસ્થા (૦૪૬) વિષયની ત્રણ એકમ કસોટીઓમાં અનુક્રમે ૧૮, ૨૧ અને ૨૨ ગુણ મેળવેલ છે. તે પૈકી મહત્તમ ગુણ વાળી એકમ કસોટીના ૨૨ ગુણ ધ્યાને લેવાના રહેશે.

(૪) તીર્થે વાણિજ્ય વ્યવસ્થા (૦૪૬) વિષયની સામાયિક કસોટીમાં ૧૦૦ ગુણમાંથી ૫૫ ગુણ મેળવેલ છે જે ધ્યાને લેવાના રહેશે.

(૫) આમ, ૧૦૦ ગુણની સામાયિક કસોટીમાંથી મેળવેલ ૫૫ ગુણ અને ૨૫ ગુણની મહત્તમ ગુણ વાળી એકમ કસોટીમાંથી મેળવેલ ૨૨ ગુણનો સરવાળો કરતાં તીર્થ ૧૨૫ ગુણમાંથી ૭૭ ગુણ મેળવે છે.

(૬) ૧૨૫ ગુણમાંથી મેળવેલ ૭૭ ગુણને ૨૫ ગુણમાં રૂપાંતરિત કરતાં (૭૭*૨૫/૧૨૫=૧૫.૪) ૧૫.૪ ગુણ થાય. ૧૫.૪ ગુણને પૂર્ણાંકમાં રૂપાંતરિત કરતાં ૧૫ ગુણ મળવાપાત્ર થાય.

(૨) <u>જે વિષયોમાં એકમ કસોટી યોજાયેલ નથી તેવા વિષય માટેની ગણતરી :-</u>

<u>દા.ત. :-</u>

(૧) મનોજે જૂથ-03 માંનો સંસ્કૃત (૧૨૯) વિષય પસંદ કરેલ છે.

(૨) સંસ્કૃત (૧૨૯) વિષયની એકમ કસોટી યોજાયેલ નથી.

(3) સંસ્કૃત (૧૨૯) વિષયની શાળા કક્ષાએ યોજાયેલ ૧૦૦ ગુણની સામાયિક કસોટીમાંથી મનોજે ૭૦ ગુણ મેળવેલ છે.

(૪) મનોજે ૧૦૦ ગુણમાંથી મેળવેલ ૭૦ ગુણને ૧૨૫ ગુણમાં રૂપાંતરિત કરતાં (૧૨૫*૭૦/૧૦૦=૮૭.૫૦) ૮૭.૫૦ ગુણ થાય.

(૫) મનોજે ૧૨૫ ગુણમાંથી રૂપાંતરિત કરેલ ૮૭.૫૦ ગુણને કોષ્ટક-C મુજબ ગુણાંકન કરતા ૨૫ ગુણમાં રૂપાંતરિત કરતાં (૮૭.૫૦*૨૫/૧૨૫=૧૭.૫૦) ૧૭.૫૦ ગુણ થાય. ૧૭.૫૦ ગુણને પૂર્ણાંકમાં રૂપાંતરિત કરતાં ૧૮ ગુણ મળવાપાત્ર થાય.

(3) <u>જે વિષયોની એકમ કસોટી યોજાયેલ હોય પરંતુ ઉમેદવારે મહત્તમ ગુણ "00" (શૂન્ય) મેળવેલ હોય તેવા વિષય માટેની ગણતરી :-</u>

<u>દા.ત. :-</u>

(૧) પ્રવિણે જૂથ-0૪ માં સમાજશાસ્ત્ર (૧૩૯) વિષય પસંદ કરેલ છે.

(૨) સમાજશાસ્ત્ર (૧૩૯) વિષયની એકમ કસોટી યોજાયેલ છે પરંતુ પ્રવિણે એકમ કસોટીમાં "00" (શૂન્ય) ગુણ મેળવેલ છે.

(3) સમાજશાસ્ત્ર (૧૩૯) વિષયની શાળા કક્ષાએ યોજાયેલ ૧૦૦ ગુણની સામાયિક કસોટીમાંથી પ્રવિણે ૩૫ ગુણ મેળવેલ છે.

(૪) પ્રવિણે ૧૦૦ ગુણમાંથી મેળવેલ ૩૫ ગુણને ધ્યાને લેવાના રહે. એકમ કસોટીમાં મેળવેલ ગુણ "00" (શૂન્ય) છે જે ગણતરીમાં લેવાના રહે.

(૫) જેથી ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણ ૩૫ ગુણને ૧૨૫ ગુણમાંથી મેળવેલા ગુણ ગણાવાના રહે.

(૬) પ્રવિણે ૧૨૫ ગુણમાંથી મેળવેલ ગુણ ૩૫ ગુણને કોષ્ટકના ક્રમ-C મુજબ મહત્તમ ૨૫ ગુણમાં રૂપાંતરિત કરતાં (૩૫*૨૫/૧૨૫=0૭) 0૭ ગુણ મળવાપાત્ર થાય.

(૪) <u>વિદ્યાર્થી સામાયિક કસોટીમાં ગેરહાજર છે અને એકમ કસોટીમાં હાજર હોય તેવા વિષયની ગણતરી :-</u>

<u>દા.ત. :-</u>

(૧) પ્રવિણે જૂથ-03 માં મનોવિજ્ઞાન (૧૪૧) વિષય પસંદ કરેલ છે.

(૨) મનોવિજ્ઞાન (૧૪૧) વિષયની એકમ કસોટી યોજાયેલ છે પરંતુ પ્રવિણ એકમ કસોટીમાં ગેરહજર છે.

(3) મનોવિજ્ઞાન (૧૪૧) વિષયની સામાયિક કસોટી યોજાયેલ છે પરંતુ પ્રવિણે સામાયિક કસોટીમાં ગેરહાજર છે.

(૪) મનોવિજ્ઞાન (૧૪૧) વિષયની શાળા કક્ષાએ યોજાયેલ ૧૦૦ ગુણની સામાયિક કસોટીમાં પ્રવિણ ગેરહાજર હોય "00" (શૂન્ય) ગુણ ગણવાના રહેશે.

(૫) મનોવિજ્ઞાન (૧૪૧) વિષયની શાળા કક્ષાએ યોજાયેલ ૧૦૦ ગુણની એકમ કસોટીમાં પ્રવિણ ગેરહાજર હોય "00" (શૂન્ય) ગુણ ગણવાના રહેશે.

(૬) પ્રવિણે ૧૦૦ ગુણની સામાયિક કસોટી અને ૨૫ ગુણની એકમ કસોટીમાંથી મેળવેલ કુલ ગુણ "00" (શૂન્ય) થશે.

(૭) જેથી પ્રવિણે ૧૨૫ ગુણમાંથી "00" (શૂન્ય) ગુણ મેળવેલ હોય કોષ્ટક ક્રમ-C મુજબ ૨૫ ગુણમાંથી "00" (શૂન્ય) ગુણ મળવાપાત્ર થશે.

(૫) <u>જે વિષયોની એકમ કસોટી યોજાયેલ હોય પરંતુ ઉમેદવાર તમામ એકમ કસોટીઓમાં ગેરહાજર રહેલ હોય તેવા વિષય માટેની ગણતરી :-</u>

<u>દા.ત. :-</u>

(૧) દીપ જૂથ-0૪ માં સમાજશાસ્ત્ર (૧૩૯) વિષય પસંદ કરેલ છે.

(૨) સમાજશાસ્ત્ર (૧૩૯) ની એકમ કસોટી યોજાયેલ છે પરંતુ દીપ ગેરહાજર રહેલ છે.

(3) સમાજશાસ્ત્ર (૧૩૯) ની શાળા કક્ષાએ યોજાયેલ ૧૦૦ ગુણની સામાયિક કસોટીમાંથી દીપે ૬૭ ગુણ મેળવેલ છે.

(૪) દીપે ૧૦૦ ગુણમાંથી મેળવેલ ૬૭ ગુણને ધ્યાને લેવાના રહે. એકમ કસોટીમાં ગેરહાજર રહેલ હોય એકમ કસોટીના ગુણ ગણતરીમાં લેવાના રહે નહિ.

(૫) જેથી ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણ ૬૭ ને ૧૨૫ ગુણમાંથી મેળવેલા ગુણ ગણાવાના રહે.

(૬) દીપે ૧૨૫ ગુણમાંથી મેળવેલ ગુણ ૬૭ ગુણને કોષ્ટકના ક્રમ-C મુજબ મહત્તમ ૨૫ ગુણમાં રૂપાંતરિત કરતાં (૬૭*૨૫/૧૨૫=૧૩.૪૦) ૧૩.૪૦ ગુણને પૂર્ણાંકમાં રૂપાંતરિત કરતાં ૧૩ ગુણ મળવાપાત્ર થાય.

(૬) ધોરણ-૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમા માટે એકમ કસોટીઓ યોજાયેલ ન હોય તેવા વિષયો માટે સામાયિક પ્રથમ કસોટીના ગુણ ધ્યાને લઈ ક્રમ [C] મુજબ લાગુ પડતા વિષયોમાં ગુણની ગણતરી કરવાની રહેશે.

(૧) ઉપર દર્શાવેલા માપદંડો B અને C માં જો કોઈ ઉમેદવાર તે કસોટીમાં ઉપસ્થિત ન હોય તો તે વિષય / વિષયોમાં '00' (શૂન્ય) ગુણ ગણતરીમાં લેવાના રહેશે.

(૨) ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમા જે વિષયો પ્રાયોગિક પાસુ ધરાવતા હોય તે વિષયની પ્રાયોગિક પરીક્ષાનું ગુણાંકન ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ ના અભ્યાસના આધારે જે તે વિષય શિક્ષકે કરવાનું રહેશે અને તે મુજબના ગુણ આપવાના રહેશે.

(૨) શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં શાળા છોડ્યાનું કારણ અને રિમાર્ક્સના ખાનામાં "ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ થતાં" તેવો ઉલ્લેખ કરવાનો રહેશે.

(3) શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ઈસ્યુ કર્યા તારીખ ૩૧/૦૫/૨૦૨૧ દર્શાવવાની રહેશે.

(૪) <u>ગુણ તૂટ ક્ષમ્ય ગણવાની જોગવાઈ :-</u>

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમોના (સુધારેલ-૨૦૦૫) વિનિયમ-૪૦ અને ૪૧ ની જોગવાઈઓ મુજબ ગુણ તૂટ ક્ષમ્ય ગણવામાં આવશે.

(૨) શાળા દ્વારા વિદ્યાર્થીઓના પરિણામ અપલોડ કર્યા બાદ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમોના (સુધારેલ-૨૦૦૫) વિનિયમ અનુસાર મળવાપાત્ર ગુણની તૂટ માફ કરીને પરિણામ જાહેર કરવામાં આવશે.

(૩) ઉમેદવારે પસંદ કરેલ વિષયમાં ૩૩ % થી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમોના (સુધારેલ-૨૦૦૫) વિનિયમ અનુસાર ખુટતા ગુણની તૂટ ક્ષમ્ય ગણી પરિણામ જાહેર કરવામાં આવે.

(૪) આવા વિદ્યાર્થીઓના ગુણપત્રકમાં ગ્રેડ **'D'** દર્શાવવામાં આવશે.

(૫) <u>પૂરક પરીક્ષાની જોગવાઈ :-</u>

- પૂરક પરીક્ષા યોજવામાં આવશે નહિ.

(૬) <u>ગુણ ચકાસણીની જોગવાઈ :-</u>

- બોર્ડ દ્વારા જાહેર પરીક્ષા યોજાયેલ ન હોય ગુણ ચકાસણીની જોગવાઈ લાગુ પડશે નહિ.

(૭) <u>ગ્રેડીંગ પધ્ધતિ :-</u>

| ગ્રેડ વર્ગીકરણ | | |
|---|---|---|
| ક્રમ | મેળવેલ ગુણ | ગ્રેડ |
| ૧ | ૯૧ થી ૧૦૦ | A1 |
| ૨ | ૮૧ થી ૯૦ | A2 |
| ૩ | ૭૧ થી ૮૦ | B1 |
| ૪ | ૬૧ થી ૭૦ | B2 |
| ૫ | ૫૧ થી ૬૦ | C1 |
| ૬ | ૪૧ થી ૫૦ | C2 |
| ૭ | ૩૩ થી ૪૦ | D |
| ૮ | ૨૧ થી ૩૨ | E1 |
| ૯ | ૨૦ થી ઓછા | E2 |

## (૮) શાળા પરિણામ સમિતિની રચના :-

- દરેક ઉચ્ચતર માધ્યમિક વિભાગની શાળામાં શાળા પરિણામ સમિતિની રચના કરવાની રહેશે. શાળાના આચાર્ય શાળા પરિણામ સમિતિના અધ્યક્ષ રહેશે.

## (૯) મૂલ્યાંકનના આધારો અને તેની જાળવણી :-

(૧) ધોરણ-૧૨ ના પરિણામ તૈયાર કરવાની અને તેના રેકર્ડની વિશ્વસનીયતા અને જાળવણી અંગેની જવાબદારી શાળાના આચાર્યની રહેશે.

(૨) શાળા દ્વારા પરિણામ તૈયાર કરવા માટે ઉપયોગમાં લીધેલ આધારોનો રેકર્ડ પાંચ વર્ષ સુધી સાચવવાનો રહેશે.

(3) દરેક શાળાએ પરિણામના આધાર તરીકે લીધેલ તમામ આધાર ઉપર શાળા પરિણામ સમિતિના સભ્યોની સહિ લેવાની રહેશે અને ઉકત આધારો શાળાના આચાર્યની કસ્ટડીમાં રાખવાના રહેશે અને જ્યારે જિલ્લાશિક્ષણાધિકારી, નિયામક શાળાઓની કચેરી કે બોર્ડ દ્વારા કે રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત કરેલ વ્યક્તિ દ્વારા વેરીફિકેશન માટે મંગાવવામાં આવે ત્યારે ઉપલબ્ધ કરવાના રહેશે.

## (૧૦) બોર્ડ દ્વારા પરિણામના રેકર્ડની ચકાસણી :-

- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ ના પરિણામ તૈયાર કરવા માટે ઉપયોગમાં લીધેલ દસ્તાવેજોની ખરાઈ કરાવવામાં આવશે અને આ માટે વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવશે.

## (૧૧) ઓનલાઈન માહિતી અપલોડ કરવાની પ્રક્રિયા :-

- બોર્ડ દ્વારા તૈયાર કરેલ પોર્ટલ ઉપર શાળા દ્વારા દરેક નિયમિત ઉમેદવારો માટે નિયત કરેલી કાર્ય પધ્ધતિને અનુસરી શાળા પરિણામ સમિતિ દ્વારા મંજૂર કર્યા મુજબના વિષયવાર ગુણ મુજબનું પરિણામ અપલોડ કરવાનું રહેશે. શાળાના આચાર્ય અંતિમ તારીખ સુધી કોઈ પણ સમયે સુધારા વધારા કરી શકશે. અંતિમ તારીખ બાદ સુધારાને અવકાશ રહેશે નહિ અને સમયપત્રક મુજબ સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાની જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે.

(૧૨) <u>મૂલ્યાંકનના નિયત કરેલ પધ્ધતિમાં ઉમેદવારની ગેરહાજરી :-</u>

- ઉમેદવાર ગેરહાજર હોય તો જે તે વિષયના મૂલ્યાંકન માટે "00" (શૂન્ય) ગુણ ગણવાના રહેશે. નિયમોનુસાર મળવાપાત્ર ગુણ તૂટ માફ કરીને પાસ જાહેર થશે અને આવા કિસ્સામાં વિદ્યાર્થી કે વાલી ઈચ્છે તો NC કરાવી શકે અને બોર્ડની આગામી જાહેર પરીક્ષામાં નિયમિત ઉમેદવાર તરીકે ઉપસ્થિત થઈ શકશે.

(૧૩) <u>દિવ્યાંગ વિદ્યાર્થીઓના કિસ્સાના ધારા-ધોરણો :-</u>

- દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પ્રત્યેક વિષયમાં પાસ થવાનું ધોરણ ૨૦ % મુજબનું રહેશે.

(૧૪) <u>ગુણપત્રક અને પરીક્ષા પાસ કર્યા બદલના પ્રમાણપત્ર :-</u>

- દરેક વિદ્યાર્થીને બોર્ડ દ્વારા તૈયાર કરેલ નીતિ મુજબ વિદ્યાર્થીઓને ગુણ દર્શાવતુ ગુણપત્રક આપવામાં આવશે.
- ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ પાસ કર્યા અંગેનું પ્રમાણપત્ર બોર્ડ દ્વારા આપવામાં આવશે.

(૧૫) <u>બોર્ડની સુચનાનું ઉલ્લંઘન કરનાર સામે પગલાં :-</u>

- બોર્ડ દ્વારા પરિણામ તૈયાર કરવા માટે અપાયેલ સુચના મુજબ યોગ્ય સાચુ અને જરૂરી આધારો સિવાયની કામગીરી કરે તો તેની સામે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ની જોગવાઈ મુજબ કાર્યવાહીના અધિકારો રહેશે. જેમાં,

  (૧) શાળાની નોંધણી રદ કરવાની કાર્યવાહી કરવી અને / અથવા
  (૨) શાળાને નાણાંકીય દંડ કરવો અથવા
  (3) વર્ષ-૨૦૨૧ નું ધોરણ-૧૨ નું પરિણામ જ્યાં સુધી શાળા દ્વારા સ્પષ્ટતા અને પૂર્તતા ન થાય ત્યાં સુધી અટકાવવુ.

(૧૬) કામગીરીનું સમયપત્રક :-

| ક્રમ | વિગત | સમયગાળો |
|---|---|---|
| ૧ | બોર્ડ દ્વારા જાહેર કરેલ પધ્ધતિ મુજબ વિદ્યાર્થીઓના પરિણામનું શાળાઓ દ્વારા આખરીકરણ | તા.૧૯/૦૬/૨૦૨૧ થી ૨૫/૦૬/૨૦૨૧ સુધી |
| ૨ | શાળાઓ દ્વારા તૈયાર કરેલ પરિણામ બોર્ડની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની કાર્યવાહી | તા.૨૫/૦૬/૨૦૨૧ થી તા.૦૧/૦૭/૨૦૨૧ સુધી |
| 3 | બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના ઓનલાઈન પરિણામની જાહેરાત | • ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ જુલાઈના બીજા અઠવાડિયામાં<br>• ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ જુલાઈના ત્રીજા અઠવાડિયામાં |
| ૪ | બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના ગુણપત્રક / પ્રમાણપત્રનું વિતરણ | જુલાઈના અંતિમ અઠવાડિયામાં |

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

સ્થળ :- ગાંધીનગર
તા. ૧૯/૦૬/૨૦૨૧

## પરિશિષ્ટ - (ક)

## ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિષયો સાથે ધોરણ-૧૦ ના વિષયોનું અનુબંધ

| ક્રમ | ધોરણ-૧૨ વિષય માળખુ | | | ધોરણ-૧૦ ના વિષય | | | |
|---|---|---|---|---|---|---|---|
| | વિષય કોડ | વિષયનું નામ | જૂથ | વિષય કોડ - 1 | વિષયનું નામ | વિષય કોડ - 2 | વિષયનું નામ |
| 1 | 006 | ENGLISH (F.L.) | 1 | 004 | ENGLISH FL | | |
| 2 | 013 | ENGLISH (S.L.) | 1 | 016 | ENGLISH SL | | |
| 3 | 001 | GUJARATI (F.L.) | 2 | 001 | GUJARATI FL | | |
| 4 | 002 | HINDI (F.L.) | 2 | 002 | HINDI FL | | |
| 5 | 003 | MARATHI (F.L.) | 2 | 003 | MARATHI FL | | |
| 6 | 004 | URDU (F.L.) | 2 | 005 | URDU FL | | |
| 7 | 005 | SINDHI D/A(F.L.) | 2 | 006 | SINDHI FL | | |
| 8 | 008 | GUJARATI (S.L.) | 2 | 013 | GUJARATI SL | | |
| 9 | 009 | HINDI (S.L.) | 2 | 014 | HINDI SL | | |
| 10 | 129 | SANSKRIT | 2 | 014/015/017/019/020/021 | third language | | |
| 11 | 131 | ARABIC | 2 | 014/015/017/019/020/021 | third language | | |
| 12 | 331 | COMPUTER | 2 | 014/015/017/019/020/021 | third language | | |
| 13 | 332 | COMPUTER PRACT. | 2 | to be filled | | | |
| 14 | 050 | MATHEMATICS | 3 | 012 | MATHS | | |
| 15 | 052 | CHEMISTRY | 3 | 011 | SCIENCE | 012 | MATHS |
| 16 | 053 | CHEMISTRY PRACT | 3 | to be filled | | | |
| 17 | 054 | PHYSICS | 3 | 011 | SCIENCE | 012 | MATHS |
| 18 | 055 | PHYSICS PRACT. | 3 | to be filled | | | |
| 19 | 056 | BIOLOGY | 3 | 011 | SCIENCE | | |
| 20 | 057 | BIOLOGY PRACT. | 3 | to be filled | | | |

## પરિશિષ્ટ - (ખ)

## ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વિષયો સાથે ધોરણ-૧૦ ના વિષયોનું અનુબંધ

| ક્રમ | ધોરણ-૧૨ વિષય માળખુ | | જૂથ | ધોરણ-૧૦ ના વિષય | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | વિષય કોડ | વિષયનું નામ | | વિષય કોડ | પ્રથમ વિષય | બીજો વિષય | વિષયનું નામ | ત્રીજો વિષય |
| 1 | 006 | ENGLISH (F.L.) | 1 | 004 | ENGLISH FL | | | |
| 2 | 013 | ENGLISH (S.L.) | 1 | 016 | ENGLISH SL | | | |
| 3 | 001 | GUJARATI (F.L.) | 2 | 001 | GUJARATI FL | | | |
| 4 | 002 | HINDI (F.L.) | 2 | 002 | HINDI FL | | | |
| 5 | 003 | MARATHI (F.L.) | 2 | 003 | MARATHI FL | | | |
| 6 | 004 | URDU (F.L.) | 2 | 005 | URDU FL | | | |
| 7 | 005 | SINDHI (F.L.) | 2 | 006 | SINDHI FL | | | |
| 8 | 007 | TAMIL (F.L.) | 2 | 007 | TAMIL | | | |
| 9 | 008 | GUJARATI (S.L.) | 2 | 013 | GUJARATI SL | | | |
| 10 | 009 | HINDI (S.L.) | 2 | 014 | HINDI SL | | | |
| 11 | 046 | ORG. OF COMM. | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 12 | 129 | SANSKRIT | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 13 | 130 | PERSIAN | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 14 | 131 | ARABIC | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 15 | 132 | PRAKRUT | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 16 | 141 | PSYCHOLOGY | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 17 | 154 | ELEMENTS OF ACCT. | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 18 | 022 | ECONOMICS | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 19 | 023 | POLITICS | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 20 | 029 | HISTORY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 21 | 135 | STATISTICS | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 22 | 136 | PHILOSOPHY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 23 | 137 | DRAWING (THEORY) | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 24 | 139 | SOCIOLOGY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 25 | 146 | MUSIC (THEORY) | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 26 | 148 | GEOGRAPHY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 27 | 331 | COMPUTER - T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 28 | 332 | COMPUTER - P | 4 | to be filled | | | | |
| 29 | 337 | SEC. PRACTICE | 4 | 010 | | 011 | SCIENCE | FL |

## પરિશિષ્ટ - ખ (૧)

### ધોરણ-૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહના વિષયો સાથે ધોરણ-૧૦ ના વિષયોનું અનુબંધ

| ક્રમ | ધોરણ-૧૨ નું વિષય માળખુ | | | ધોરણ-૧૦ ના વિષય | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | વિષય કોડ | વિષયનું નામ | જૂથ | વિષય કોડ | પ્રથમ વિષય | બીજો વિષય | વિષયનું નામ | ત્રીજો વિષય |
| 1 | 006 | ENGLISH (F.L.) | 1 | 004 | ENGLISH FL | | | |
| 2 | 013 | ENGLISH (S.L.) | 1 | 016 | ENGLISH SL | | | |
| 3 | 001 | GUJARATI (F.L.) | 2 | 001 | GUJARATI FL | | | |
| 4 | 002 | HINDI (F.L.) | 2 | 002 | HINDI FL | | | |
| 5 | 003 | MARATHI (F.L.) | 2 | 003 | MARATHI FL | | | |
| 6 | 004 | URDU (F.L.) | 2 | 005 | URDU FL | | | |
| 7 | 005 | SINDHI (F.L.) | 2 | 006 | SINDHI FL | | | |
| 8 | 007 | TAMIL (F.L.) | 2 | 007 | TAMIL | | | |
| 9 | 008 | GUJARATI (S.L.) | 2 | 013 | GUJARATI SL | | | |
| 10 | 009 | HINDI (S.L.) | 2 | 014 | HINDI SL | | | |
| 11 | 058 | SOCIAL SCI.-T | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 12 | 154 | ELEMENTS OF ACCT. | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 13 | 331 | COMPUTER - T | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 14 | 156 | ENTREPRENEUR.-T | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 15 | 158 | BIO. & AGRI. CHE. | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 16 | 178 | ECO.&BUSS.ADMN. | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 17 | 216 | SOCIO. PSY.& ECO. | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 18 | 254 | PHY. & MATHS | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 19 | 165 | CROPS - I (T) | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 20 | 167 | CROPS - II (T) | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 21 | 169 | FARM MANG.& EXP-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 22 | 171 | ANIMAL ART INC.-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 23 | 173 | MILK-MILK PROD.-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 24 | 175 | DAIRY EX.ECO.AC-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 25 | 179 | OFF.METH.CORR.-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 26 | 181 | GUJARATI TYPE-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 27 | 183 | CORR. & DRAFT-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 28 | 203 | ACCT.& AUDIT.PI-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 29 | 205 | ACCT. AUDIT.PII-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 30 | 207 | ACCT.AUDIT.PIII-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 31 | 217 | ADV.HOUSE KEEP-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |

| ક્રમ | ધોરણ-૧૨ નું વિષય માળખુ | | | ધોરણ-૧૦ ના વિષય | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | વિષય કોડ | વિષયનું નામ | જૂથ | વિષય કોડ | પ્રથમ વિષય | બીજો વિષય | વિષયનું નામ | ત્રીજો વિષય |
| 32 | 219 | INT. DECOR.-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 33 | 221 | SOCI.-REPO.MATT-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 34 | 223 | FOOD PROCESSING-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 35 | 225 | PLANT M.FOOD P.-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 36 | 227 | BAKERY-CONFEC.-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 37 | 235 | PATTERN MAKING-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 38 | 237 | ADV.CLOTH MAK.-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 39 | 239 | FANCY DRESS MAK-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 40 | 325 | S.A.D.M-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 41 | 327 | COMPUTER APPLI.-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 42 | 329 | PROG.LANGUAGE-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 43 | 332 | COMPUTER - P | | to be filled | | | | |

પરિશિષ્ટ - ગ

ધોરણ-૧૨ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના વિષયો સાથે ધોરણ-૧૦ ના વિષયોનું અનુબંધ

| ક્રમ | ધોરણ-૧૨ નું વિષય માળખુ | | | ધોરણ-૧૦ ના વિષય | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | વિષય કોડ | વિષયનું નામ | જૂથ | વિષય કોડ | પ્રથમ વિષય | બીજો વિષય | વિષયનું નામ | ત્રીજો વિષય | ચોથો વિષય |
| 1 | 006 | ENGLISH (F.L.) | 1 | 004 | ENGLISH FL | | | | |
| 2 | 013 | ENGLISH (S.L.) | 1 | 016 | ENGLISH SL | | | | |
| 3 | 001 | GUJARATI (F.L.) | 2 | 001 | GUJARATI FL | | | | |
| 4 | 002 | HINDI (F.L.) | 2 | 002 | HINDI FL | | | | |
| 5 | 003 | MARATHI (F.L.) | 2 | 003 | MARATHI FL | | | | |
| 6 | 004 | URDU (F.L.) | 2 | 005 | URDU FL | | | | |
| 7 | 005 | SINDHI (F.L.) | 2 | 006 | SINDHI FL | | | | |
| 8 | 007 | TAMIL (F.L.) | 2 | 007 | TAMIL | | | | |
| 9 | 008 | GUJARATI (S.L.) | 2 | 013 | GUJARATI SL | | | | |
| 10 | 009 | HINDI (S.L.) | 2 | 014 | HINDI SL | | | | |
| 11 | 060 | KRUSHI VIDYA-T | 3 | 010 | SOCIAL SCIENCE | | | | |
| 12 | 068 | GRUH VIDYA-T | 3 | 010 | SOCIAL SCIENCE | | | | |
| 13 | 076 | VASTRA VIDYA-T | 3 | 010 | SOCIAL SCIENCE | | | | |
| 14 | 080 | PASHU.DAIRY SCI-T | 3 | 010 | SOCIAL SCIENCE | | | | |
| 15 | 351 | VAN V.ARU.VIDYA-T | 3 | 010 | SOCIAL SCIENCE | | | | |
| 16 | 352 | VAN V.ARU.VIDYA-H | 3 | to be filled | | | | | |
| 17 | 022 | ECONOMICS | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 18 | 023 | POLITICS | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 19 | 029 | HISTORY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 20 | 135 | STATISTICS | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 21 | 136 | PHILOSOPHY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 22 | 139 | SOCIOLOGY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 23 | 148 | GEOGRAPHY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 24 | 331 | COMPUTER - T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 25 | 332 | COMPUTER - P | 4 | to be filled | | | | | |
| 26 | 046 | ORG. OF COMM. | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 27 | 058 | SOCIAL SCI.-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 28 | 111 | SAHKAR PANCHAYAT | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 29 | 129 | SANSKRIT | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 30 | 139 | SOCIOLOGY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 31 | 141 | PSYCHOLOGY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 32 | 154 | ELEMENTS OF ACCT. | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |